**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરમાં ગરમી વધતા બરફગોળાની વધતી ડિમાન્ડ

## રંગબેરંગી બરફગોળાના ભાવમાં વધારો : ૧૫ રૂ.માં મળતો બરફગોળો ૨૫ રૂ.માં અને ૩૦ રૂ.માં મળતો ગોળો ૭૦ રૂ.માં

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં ગરમીનો પારો વધી રહ્યો છે. અંગ દઝાડતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શહેરીજનો બપોરના સમયે કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આ અંગ દઝાડતી ઉનાળાની ગરમીથી રાહત મેળવવા માટે શહેરીજનો ઠંડી ચીજવસ્તુઓ ખાવાનું પસંદ કરી રહ્યા છે. જેમાં તાજેતરમાં શહેરમાં રાત્રિ દરમિયાન બરફગોળાની લારીઓ ઉપર શહેરીજનોની ભીડ જોવા મળી રહી છે. શહેરીજનો વિવિધ ફલેવરના બરફગોળાનો સ્વાદ માણવા માટે ઉમટી રહ્યા છે.

ઉનાળાની આ મોસમમાં મોંઘવારીનો માર દરેક જગ્યાએ જોવા મળી રહ્યો છે. જેમાં લીંબુથી લઈ ખાણીપીણીની દરકે વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે ત્યારે બરફગોળામાં પણ મોંઘવારીના કારણે ભાવ વધી જવા પામ્યા છે.ગયા વર્ષે ૧૫ રૂપિયામાં બરફગોળા મળતા હતા તે આ વર્ષે





૨૫ રૂપિયામાં મળી રહ્યા છે. જયારે ૩૦ રૂપિયાવાળા બરફગોળા ૭૦ રૂપિયામાં મળી રહ્યા છે. એટલે કે ૧૦થી ૨૦ રૂપિયા ભાવવધારો કરવામાં આવ્યો છે. બરફગોળામાં વપરાતી વિવિધ ચીજવસ્તુઓના ભાવ વધવાથી બરફગોળાના ભાવમાં વધારો થયો છે. જો કે શહેરીજનો ઉનાળાની ગરમીમાં બરફગોળો ખાવાનું ચુકતા નથી. જે આ દશ્યોમાં જોઈ શકાય છે.

ગાંધીનગરમાં મહાત્મા મંદિરથી વિધાનસભા વચ્ચેના ભાગમાં ફૂટપાથ ઉપર બરફગોળાની લારીઓની લાઈનો જોવા મળે છે. જેમાં સાંજ પડતા જ શહેરીજનોની ભીડ વર્તાઈ રહી છે. જેમાં વિવિધ ફલેવરો જેવી કે ઓરેન્જ, ચોકલેટ, ગુલાબ, પાઈનેપલ, કાચી કેરી, કાલાખટ્ટા, ફાલસા, બ્લ્યુ બેરી, ટોપરા, માવા, મલાઈ, ચીકુ, ડ્રાયફ્રુટ, મીક્ષ કલર, ચોકોબાર, કાજુ દ્રાક્ષ, રીમઝીમ, માવા બદામ, સાદી કાજુદ્રાક્ષ, ઓરેન્જ મલાઈ, સ્પેશિયલ કાજુદ્રાક્ષ સ્પેસિયલ ચોકોબાર, સ્પેસિયલ માવા બદામ જેવા વિવિધ પ્રકારના રંગબેરંગી બરફગોળાની ડિશોનો સ્વાદ માણવામાં આવી રહ્યો છે. ગરમી વધારે અનુભવાતા અને શાળામાં વેકેશન પડવાથી આ દિવસોમાં ભારે ભીડ જોવા મળે છે. ઉનાળુ વેકેશન પડતા નાના બાળકોને લઈને રાત્રે શહેરના ગાર્ડન અને રમતગમતવાળા સ્થળો પર લઈ જતા માતા પિતા બરફગોળાનો સ્વાદ માણ્યા વગર પાછા ઘરે જતા નથી. એટલે કે બરફગોળો ખાવાનું ચૂકતા નથી. બરફગોળાની લારીઓમાં મેઘધનુષ્ય રૂપી રંગબેરંગી ગોળો ખાઈને ગરમીથી રાહતનો શ્વાસ શહેરીજનો લઈ રહ્યા છે. તેથી વેપારીઓમાં પણ આનંદ છવાયો છે. જેમ જેમ ગરમી વધશે તેમ તેમ બરફગોળાની લારીઓમાં ભીડ જામશે તેવું વેપારીઓ દ્વારા જાણવા મળ્યું હતું.

## આવતીકાલે જમીયતપુરા ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૮

માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો અનિલાબેન મહેતા, જમીયતપુરા સ્વામિનારાયણ મંદિરમાં ૩૦ તારીખે બપોરે ૧૨.૩૦ થી ૩.૦૦ કલાક સુધી યોજાશે. તો સર્વે ભાવિ ભકતોને આનંદના ગરબામાં પધારવા પ્રફુલ્લાબેન ભાવસારે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજે સે-૭-એ વસાહત મંડળ દ્વારા ભારત પ્રવાસીનો વાર્તાલાપ

ગાંધીનગર, તા.૨૮

સમગ્ર ભારતના પ્રવાસે નીકળેલા સાયકલ પ્રવાસી અધિરાજ બરૂઆ ગાંધીનગર ખાતે પધારતા સેકટર-૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધીએ તેમનું સ્વાગત કરીને ત્રણ દિવસ માટે રોકાણ તેમજ અન્ય વ્યવસ્થા કરી હતી. આ સાયકલ પ્રવાસીના અનુભવો અંગેનો વાર્તાલાપ ૨૯ એપ્રિલે રાત્રે ૯ વાગ્યે સેકટર-૭-એના બગીચામાં રાખ્યો છે. જેમાં રસ ધરાવતા સર્વે નાગરિકોને પધારવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ગાંધીનગર ખાતે ઉર્જા નગરમાં શિવકથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પોથીની શોભાયાત્રામાં બાળકોએ વિવિધ દેવી દેવતાઓની વેશભૂષા ધારણ કરી વાતાવરણ ભકિત મય બનાવ્યું હતું.

# મંત્રી ના મળતાં ઓટો રીક્ષાચાલકોને 'ફેરો' માથે પડ્યો..!!

## સીએનજીના ભાવોમાં થયેલા તોતિંગ ભાવ વધારા અંગે ચર્ચા કરવા માર્ગ પરિવહન મંત્રી પૂર્ણેશ મોદીએ સમય આપ્યોને પછી પોત તો આવ્યાં જ નહીં અને જાણ પણ ના કરતાં રીક્ષાચાલકોમાં રોષ : આગામી સમયમાં ૧ હજાર ઓટો રીક્ષાચાલકોની રેલી સહિતના વિરોધ પ્રદર્શન યોજવાની ચિમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા.૨૮

કોરોના મહામારી પછી અત્યારે નાગરિકો મોંઘવારીના બોજ તળે પિસાઈ રહ્યાં છે જેના માટે સૌથી વધુ જવાબદાર પેટ્રોલ-ડીઝલ-સીએનજી ગેસ જેવા ઈંધણોના ભાવોમાં થયેલો ભારેખમ ભાવવધારો જવાબદાર છે. ઈંધણના ભાવવધારાની અસર તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓ પર સીધી કે આડકતરી રીતે થયા વગર રહેતી નથી. અત્યારે સીએનજી ગેસના ભાવોમાં થયેલો તોતિંગ ભાવ વધારો ઓટો રીક્ષાચાલકો માટે અસહ્ય બન્યો છે જે અંગે રજુઆત કરવા રીક્ષા ચાલક યુનિયનના આગેવાનો તેમજ તેમના વિવિધ સંગઠનોના અગ્રણીઓ ગાંધીનગરના સર્કિટહાઉસ ખાતે આવ્યાં હતા પરંતુ તેમને રાજ્યના પરિવહન મંત્રી સાથે મુલાકાત શક્ય ના બનતાં તેમણે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો અને આગામી દિવસોમાં



તેમની લડત ચાલુ રાખીને અમદાવાદથી રાજભવન સુધીની ૧ હજાર ઓટો રીક્ષાચાલકોની રેલી સહિતના વિરોધ પ્રદર્શન યોજવાની તેમણે ચિમકી ઉચ્ચારી હતી.

આજે રાજયના માર્ગ પરિવહન મંત્રી પૂર્ણેશ મોદીને મળવા ગાંધીનગર આવેલા અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયનની સીએનજી ભાવવધારા વિરોધી સમિતિના કન્વિનર અશોક પંજાબીએ જણાવ્યું હતું કે 'સીએનજી ગેસમાં તોતિંગ ભાવવધારાને પગલે ઓટો રીક્ષાચાલકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે, આ બાબતે સીએનજી રીક્ષા યુનિયનના આગેવાનોએ વાહનવ્યવહાર મંત્રી પૂર્ણેશ મોદી સાથે ટેલિફોનિક વાત કરી હતી અને તેમણે આજે અમને બેઠક માટે બોલાવ્યાં હતા પરંતુ અહીં આવ્યાં પછી ખબર પડી કે મંત્રીને અગત્યનું કામ આવ્યું હોવાથી મળી શકશે નહીં જેની તેઓએ અમને જાણ કરી હોત તો પોતાની રોજીનું નુકસાન વેઠીને અમે અહીં ના આવત. હવે અમે અમારી લડતને ચાલુ જ રાખીશું અને આગામી દિવસોમાં અમદાવાદથી રાજભવન સુધીની ૧ હજાર ઓટો રીક્ષાચાલકોની રેલી સહિતના વિવિધ વિરોધ પ્રદર્શન યોજીશું.' આ સાથે સરકારે રીક્ષા ચાલકોને કોઈ પણ પ્રકારનું ભાડું વધારવાની ખાતરી આપી નથી તેવો પણ તેમણે દાવો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રીક્ષા ચાલકો પોતાનો રોજગાર છોડીને મંત્રીને મળવા આવ્યાં પરંતુ મંત્રી નહિ મળતા ઓટો રીક્ષાચાલકો રોષે ભરાયા હતા અને રીક્ષા યુનિયન અગ્રણીઓએ મંત્રીની રાહ જોઈ હતી પરંતુ મંત્રી મળવા નહીં આવતા ઓટો રીક્ષાચાલકો નારાજ થયાં હતા. આજે ગાંધીનગર આવેલા રીક્ષાચાલક અગ્રણીઓમાં અમદાવાદ ઓટો રીક્ષાચાલક એકતા યુનિયન, ગુજરાત ઓટો રીક્ષા ડ્રાયવર્સ એકશન કમિટી, ગુજરાત રાજય ઓટો રીક્ષાચાલક યુનિયન, એરપોર્ટ રીક્ષાચાલક યુનિયન સહિતના સંગઠનોના આગેવાનોનો સમાવેશ થતો હતો.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખામાં દિલીપભાઈ દવે મેનેજીંગ કમિટીમાં નિમાયા

ગાંધીનગર, તા.૨૮

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કલોલ તાલુકા શાખાના ચેરમેન દિલીપભાઈ દવેની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજય શાખામાં મેનેજીંગ કમિટીમાં નિમણુંક થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. છેલ્લા ૧૯ વર્ષોથી દિલીપભાઈ દવેએ ગુજરાત રાજય શાખામાં સેવા આપી છે. રકતદાન મહાદાન અભિયાન અંતર્ગત માનવંતા રકતદાતાઓનો આભાર વ્યકત કર્યો હતો અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કલોલ તાલુકા શાખાએ દિલીપભાઈ દવેને આ પ્રસિધ્ધિ માટે તેમને શુભેચ્છા પાઠવી હતી.

## ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગરને 'ડો. આંબેડકર સેન્ટર ઓફ એક્સેલન્સ' મંજૂર કરાયું

ગાંધીનગર, તા.૨૮

ડો.આંબેડકર ફાઉન્ડેશન, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં યોગ્ય તકો મળે તેમજ યુ.પી.એસ.સી.ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરી શકાય એ માટે ભારતની જૂદી જૂદી સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં 'ડો. આંબેડકર સેન્ટર ઓફ એકસેલન્સ' સ્થાપવા માટે દરખાસ્તો મંગાવવામાં આવી હતી. જે અંતર્ગત ભારતની ૩૧ યુનિવર્સિટીઓને પંસદ કરવામાં આવી, જેમાં ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગરને પણ આ સેન્ટર મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કુલ ૫ વર્ષ માટે વર્ષે ૧ કરોડ એમ કુલ ૫ કરોડ રુપિયા મંજૂર કરવામાં આવ્યાં. આ ડો.આંબેડકર એકસલેન્સ સેન્ટર માટે એમઓયુ કરવાનો કાર્યક્રમ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ભારત સરકાર દ્વારા તા. ૨૨/૦૪/૨૦૨૨ના બનારસ હિન્દુ યુનિવર્સિટી, કાશી ખાતે યોજાયો હતો.

જેમાં ઉત્તરપ્રદેશનાં રાજયપાલ શ્રીમતિ આનંદીબહેન પટેલ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત કેન્દ્રીય કેબિનેટમંત્રી ડો. વીરેન્દ્ર કુમાર, રાજયકક્ષાના કેન્દ્રીય મંત્રી એ.નારાયણસ્વામી, પ્રતિમા ભૌમિક, સુપર થર્ટીના સ્થાપક આનંદકુમાર ઉપસ્થિત રહ્યાં હતા.

આ એમઓયુ કાર્યક્રમમાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગરથી કુલપતિ પ્રો. રમાશંકર દુબે, કુલસચિવ પ્રો. એચ.બી. પટેલ તથા ડો.આંબેડકર સેન્ટર ઓફ એક્સલેન્સના નોડલ ઓફિસર પ્રો. રાજેશ મકવાણા ઉપસ્થિત રહ્યાં હતા. આ કેન્દ્રની દરખાસ્ત તૈયાર કરવા માટે પ્રો. રાજેશ મકવાણા તથા ડો. જગન્નાથ બેગારીએ ખાસ જહેમત ઉઠાવી હતી.

## સેકટર-૧૩-એમાં બે પરિવાર વચ્ચે માથાકુટ થતાં સામસામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૧૩ ખાતે લાઈટનું કનેકશન કાપી હેરાન પરેશાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૭ પોલીસ મથકે જયોત્સનાબેન ચાવડાએ બે વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં. ૭૦૦/૧ ખાતે રહેતા જયોત્સનાબેન કનુભાઈ શકરાભાઈ ચાવડા તેમના પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર કોર્ટ ખાતે ટાઈપીસ્ટનું ટેબલ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે નીચે આવલા મકાનમાં ફરિયાદીના દિયર હસમુખભાઈ શકરાભાઈ ચાવડા તેમના દિકરા પાર્થ અને સાસુ સાથે રહે છે. ગત તા.૨૫ એપ્રિલના રોજ ફરિયાદી ઘરે હાજર હતા તે સમયે તેમના દિયરનો દિકરો મારા ઘરની સામે જોયા કરતો હતો જેથી આ અંગે પુછતા તેણે કોઈ જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ પાર્થે તેની માસી સંગીતાબેનને બોલાવતા તેઓ ફરિયાદીના ઘરે જઈ ગમે તેમ ગાળો બોલી ધાક ધમકીઓ આપી હતી ત્યારબાદ ફરિયાદીના દિયરે પણ ઘરે આવીને ગાળાગાળી કરી ધાક ધમકી આપી ફરિયાદીના લાઈટનું કનેકશન નીચે મીટરમાંથી આવતું હોવાથી તે કાપી નાંખી માનસિક હેરાનતિ કરતા સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

તો બીજી તરફ હસમુખભાઈ ચાવડાએ પણ સેકટર-૭ પોલીસ મથકે જયોત્સનાબેન ચાવડા અને કનુભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપીઓ ખોટી ખોટી અરજીઓ કેમ આપો છો તેમ કહી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપે છે.

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉપક્રમે બીએપીએસ સંસ્થા દ્વારા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉપક્રમે બીએપીએસ સંસ્થાના ગાંધીનગર ક્ષેત્ર-૧નો મહિલાદિન તા.૩૦/૪/૨૨ શનિવારના રોજ ૨ થી ૫ ના સમયગાળામાં યોજાશે.

'આપણા સાચા સ્વજન પ્રમુખસ્વામી મહારાજ' વિષયના મધ્યવર્તી વિચાર સાથે ધૂન-પ્રાર્થના, સંવાદ, ગરબો, નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા જ્ઞાન વર્ધક પ્રવચનનો લાભ લેવા સૌ મહિલાઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ઈમર્જન્સીમાં ગાંધીનગર રેડક્રોસ મેનેજીંગ કમિટીના સભ્યો દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું અને આ સભ્યો એ રક્તદાન મહાદાન ની ઉકિત સાર્થક કરી બતાવી હતી.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઠાકોર જુહાજી ચતુરજી,** ઉ.વ. ૭૫, લેંકાવાડા
- **સ્વ. ઠાકોર ડાહ્યાજી શકરાજી,** ઉ.વ. ૪૦, પેથાપુર
- **સ્વ. ગજ્જર હર્ષદકુમાર જયંતિલાલ,** ઉ.વ. ૬૨, સેકટર-૮
- **સ્વ. ચારણ મોહનભાઈ સવજીભાઈ,** ઉ.વ. ૭૦, સંજલ, કચ્છ
- **સ્વ. સોલંકી કનુભા દલપતસિંહ,** ઉ.વ. ૫૯, સે-૧૪, ગોકુળપુરા
- **સ્વ. ચૌધરી સુરજબેન ઘેમરભાઈ,** ઉ.વ. ૯૧, લીંબોદરા

## આન ગુજરાત ગ્રુપ દ્વારા આન-ચલ યોજનાનો ૧લીએ પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

આન ગુજરાત દ્વારા ૧મેના રોજથી સામાજિક પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. આન ગુજરાત ગ્રુપ દ્વારા ૬ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે તેથી આન ચલ યોજનાનો પ્રારંભ કરવાનું આયોજન કર્યું છે. આ યોજના શરૂઆતમાં ૨૦ શહેરમાં ચાલુ કરી રહ્યા છે. જેમાં શહેરમાં રહેલા ભિક્ષુક ગરીબ બાળકો જેઓ આટલી ગરમીમાં ચંપલ પહેરવા પણ સક્ષમ નથી તેઓને ચંપલનું વિતરણ કરાશે તથા ખરા તડકામાં ડયુટી કરતાં પોલીસ કર્મચારી તથા ફેરિયાઓને જયુસ એનર્જી ડ્રિંક આપવામાં આવશે. અમદાવાદ ગાંધીનગરમાં આન ચલના ૨૦૨૨થનું પ્રસ્થાન કરવામાં આવશે અને સમાજમાં એક સારો મેસેજ સાબિત થશે તેથી ૧મેના રોજ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આ સેવાકાર્ય કરવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ યુનિ.ના શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા કારકિર્દીના નવીન માર્ગો અંગે યોજાયો પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા હાલમાં જ 'શાળાશિક્ષણ બાદ કારકિર્દીના નવીન માર્ગો' વિષય પર બાયસેગના માધ્યમથી લાઈવ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રીઓએ પરિચર્ચાના સ્વરૂપે વિદ્યાર્થીઓ અને માતાપિતાને કારકિર્દીના નવીન માર્ગો અને કારકિર્દી પસંદગી માટે અગત્યની બાબતો વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પરિચર્ચાનું સીધું પ્રસારણ 'વંદે ગુજરાત' ચેનલ નં.૧ પરથી થયું હતું. ઉપરાંત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુ-ટ્યૂબ ચેનલ અને



ફેસબુક પેજ પરથી પણ જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ગુજરાતના અનેક વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો હતો. આ પરિચર્ચામાં ધોરણ ૧૦ અને ૧૨ પછી અભ્યાસ માટેની તકો, કારકિર્દી પસંદ કરવા અંગે ધ્યાનમાં લેવાની બાબતો, અભ્યાસક્રમો વિશેની માહિતી, સ્પર્ધાત્મક પરીક્ષા વિશેની માહિતી પ્રશ્નોત્તરી સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી. આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા, રસ-રુચિ અને અભિયોગ્યતાને આધારે યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે તે દૃષ્ટિએ આ કાર્યક્રમ અત્યંત ઉપયોગી બની રહ્યો. વિષય નિષ્ણાત તરીકે પ્રો. રણજિતસિંહ પવાર, ડૉ. જિજ્ઞેશ પટેલ, ડૉ. મીનળબા જાડેજા, ડૉ. નીલેશ પંડ્યા અને ડૉ. કુણાલ પંચાલ જોડાયા હતા. આ કાર્યક્રમના સંયોજક ડૉ. જિજ્ઞેશ પટેલ હતા જયારે કાર્યક્રમનું સંચાલન ડૉ. કુણાલ પંચાલે કર્યું હતું.

## જન્મદિને વધામણી



ખાંટ રમેશજી શંભુજી



વેદાંશી હેમંતભાઈ દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪



લીપ્સા રાજેશકુમાર વ્યાસ



ભાર્ગવ પટેલ



જાની મયુરકુમાર ભાસ્કરભાઈ
રેડક્રોસ



વંશ ગજ્જર



નિશકા લિમ્બાચિયા

## રાધે રાધે પરિવાર દ્વારા ગુજરાત સ્થાપના દિવસની અનોખી ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતના સ્થાપના દિવસની અનોખી ઉજવણીના ભાગરૂપે રાધે રાધે પરિવાર, ગાંધીનગર દ્વારા વાવોલ ખાતે જરૂરિયાત મંદોને સેવાર્થે ૫ કિલો ઘઉંની કીટ બનાવીને વિતરણ કરવામાં આવશે. મોંઘવારીના કપરાકાળમાં ખેડૂત પરિવાર તરફથી રાધે રાધે પરિવારને ૨૦૦ મણથી વધુ ઘઉંનું અન્નદાન મળ્યું હતું. જેથી તે અન્ન જરૂરિયાતમંદ સુધી પહોંચે તે માટે ૫ કિલો ઘઉંની કીટ બનાવી તેને ગાંધીનગરમાં વસતા જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું કાર્ય ગુજરાત સ્થાપના દિવસે રાખવામાં આવ્યું છે. સવારે ૯ કલાકથી વિઠ્ઠલ પાર્ટી પ્લોટ, ઉવારસદ રોડ, વાવોલ ખાતેથી અલગ અલગ ગાડીમાં કીટો ભરી ત્યાંથી વિતરણ કરવાનું શરૂ કરાશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.